# શહેરમાંથી ગણેશજીને ભાવપૂર્ણ વિદાય

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર છેલ્લા સાત દિવસથી ગણેશમય બની



ગયું હતું. શહેરમાં આયોજીત ગણેશ મહોત્સવના પંડાલોમાં સાંજ ઢળતાં જ વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યકમો યોજાતા હતા. આ મહોત્સવના કાર્યક્રમો નિહાળવા માટે ગણેશ ભકતો મોટીસંખ્યામાં ઉમટી પડતા હતા. શહેરમાં રાત્રીના સમયે અનેરો માહોલ સર્જાતો હતો. ત્યારે શહેરમાં આજે સાતમાં દિવસે મોટાભાગના ગણેશ મહોત્સવની પૂર્ણાહુતી થઈ ગઈ છે. ગણેશ વિસર્જન યાત્રામાં નાનાબાળકોથી લઈ સૌ કોઈ ઢોલ નગારાના સંગીતના સથવારે તેમજ ડીજેના તાલે ભકતો ઝુમી ઉઠ્યા હતા. ગણેશજીની ભાવપૂર્ણ વિદાય પ્રસંગે ભકતોએ મોટીમાત્રામાં ગુલાલની છોળો ઉડાડતા ભકતો અને માર્ગો ગુલાલમય બની ગયા હતા. દુંદાળાદેવને વિદાય કરતી વખતે ભકતોની આંખો હર્ષથી ઉભરાઈ આવી હતી. સાત સાત દિવસ પૂજા અર્ચના બાદ ગણેશજીની મૂર્તિને વિસર્જન માટે નદી કિનારે લઈ જવામાં આવી હતી જયારે કેટલાક નાગરીકોએ તંત્ર દ્વાર બનાવેલ કુંડમાં વિસર્જન કર્યુ હતું. જયારે વિઘ્નહર્તાને નદી કિનારે વાજતે ગાજતે ટ્રેકટર સહિત અન્ય વાહનમાં બેસાડીને લઈ જવાયા હતા. ગણેશ વિસર્જનને અનુલક્ષી પોલીસ તંત્ર



તેમજ ફાયરટીમને તંત્ર દ્વારા તૈનાત કરાઈ હતી.

ગાંધીનગર શહેરમાં ગણેશ મહોત્સવનું અનેરુ આયોજન સેકટરોમાં કરવામાં આવ્યું હતું. સોસાયટી, વ્યકિતગત સહિત નગરમાં ગણેશ મહોત્સવના મોટાઆયોજનો કરવામાં આવ્યા હતો. જેમાં નાટક, હાસ્ય દરબાર, ગરબા, નૃત્યનાટિકા, મ્યુઝીકલ નાઈટ, ડાયરો, જાદુના ખેલ, બાળકો માટે ડાન્સ સ્પર્ધા, બહેનો માટે વિવિધ સ્પર્ધા, ટેલેન્ટ શો, યોગનૃત્ય નાટીકા, સુંદરકાંડના પાઠ તેમજ ભજન-કિર્તનના સુંદર કાર્યક્રમો યોજાયા હતા. સાત સાત દિવસ સુધી ગણેશજીની વિશેષ આરતીનું પણ આયોજન કરાયું હતું. ગણેશ મહોત્સવમાં શહેર આખું ગણેશ મય બની ગયું હતું. જયારે



આજે સાત દિવસના અંતે શહેરના સેકટર-૩ ડી, બી, સે-૨૨, સે.૫, સે-૭, સે-૧૨, સહિતના સેકટરોમાં આયોજીત ગણેશ મહોત્સવનું ભાવપૂર્ણ સમાપન થયું હતું. આજે શહેરમાં ઠેરઠેર નીકળેલી વિસર્જન યાત્રામાં સંગીતના સથવારે ભકતો ઝુમી ઉઠ્યા હતા અને ગુલાલ છાંટીને વાતાવરણ પણ ગુલાલમય બનાવ્યું હતું. સવારથી જ ડીજેના સેકટરોમાં વાગતા અનેરો ભકિતનો માહોલ સર્જાયો હતો. જયારે રવિવારના રોજ વિસર્જન હોવાથી મોટીમાત્રામાં ભકતો હાજર રહ્યા હતા. નદી કિનારે સવારથી જ ટ્રાફિક જોવા મળ્યો હતો.

નદી કિનારે ગણેશજીને વિદાય સમયે ભકતોની આંખોના ખુણા ભીના થયા હતા. તંત્ર દ્વારા પણ વિસર્જનને પગલે વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. નદીમાં ભાવપૂર્ણ રીતે ભકતો દ્વારા ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## આર.એન. પટેલ શાળા ખાતે કેન્સર જાગૃતિ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે હ્યુમન વેલ્નેસ ફાઉન્ડેશન સંસ્થા અંતર્ગત કેન્સર જાગૃતિ અભિયાન આયુષ દ્વારા કેન્સર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં 'જીતુ કયારે જાગશે' ફિલ્મ દ્વારા કેન્સરની પ્રાથમિક જાણકારી, સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશય કેન્સર વિશે, મોઢાના કેન્સરની માહિતી, વ્યસનોથી શરીર પર થતી ગંભીર અસરો અને તંદુરસ્ત જીવનશૈલીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આયુષ પ્રોજેકટના પ્રોગ્રામ કન્વીનર રવિન્દ્રભાઈ ચૌધરીએ શાળાના વિદ્યાર્થીઓને કેન્સર જાગૃતિ અંગે માહિતી આપી હતી. અંતે સૌરિનભાઈ પરીખ અને શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે હ્યુમન ફાઉન્ડેશન સંસ્થાના પ્રણેતા અને કન્વીનર તથા સમગ્ર ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

## સે-૨૩ની શાળામાં ટીન સ્યુસાઈડને અટકાવવા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

શ્રીમતી આર.જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે ટીન સ્યુસાઈડને અટકાવવા માટેનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એમ.જી. સાયન્સ કોલેજમાં એફ.વાય. બી.એસ.સી.માં અભ્યાસ કરતા વંદન રાવલે પોઝિટીવ રજૂઆત કરી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. આ કાર્યક્રમ પ્રથમ ઉચ્ચતર માધ્યમિક અને ત્યારબાદ માધ્યમિક વિભાગ એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓના સ્વમાન વિશે, નાના ભૂલકાઓ વિશેની વાત કરી હતી તથા વિડિયો અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય ઉદાહરણ પુરા પાડવામાં આવ્યા હતા. આજના સમયમાં ઘણા બધા યુવાનો-વિદ્યાર્થીઓ હતાશા અને બીજી ઘણી બધી સમસ્યાઓને કારણે આત્મહત્યા કરતા હોય છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આત્મહત્યાઓ અટકાવવા માટેનો હતો તેમજ પોઝિટિવ રજૂઆત કરી વિદ્યાર્થીનીઓને પોઝિટીવ વિચારવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા સુધાબેન પટેલે તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.







## રતનસિંહ વાઘેલાના ગરબામાં ભીડ ઉમટી

અંબાજી પદયાત્રીઓ માટેના સેવા કેન્દ્રો પર સેવા અને ભકિતનો અનોખો સંગમ રચાતો જોવા મળ્યો હતો. શહેરના વકીલ મિત્ર મંડળ દ્વારા રાંધેજા માર્ગ પર મહાકાલી મંદિર ખાતે યોજાયેલ મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે પદયાત્રીઓની સેવા સાથે દરરોજ રાત્રે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે રાત્રે અહીં ગુજરાતી ફિલ્મ કલાકાર અને જાણીતા ગાયક રતનસિંહ વાઘેલા તથા કિંજલ દવેના ગરબા યોજાયા હતા. આ ગરબાના કાર્યક્રમમાં હૈયે હૈયું દળાય તેટલી માનવમેદની ઉમટી પડી હતી. મોડી રાત્રિ સુધી અહીં શ્રધ્ધાળુઓએ ગરબાનો કાર્યક્રમ મન ભરીને માણ્યો હતો.

## ખૂણે ખાંચરેથી...

● આજથી શરૂ થઈ રહેલા સપ્તાહમાં સરકાર દ્વારા અધિકારીઓની બદલીનો ગંજીફો ચિપાય તેવી શકયતાઓના સંકેતો મળી રહ્યા છે.

● કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧મીથી શરૂ થઈ રહેલ મતદારયાદી સુધારણા ઝુંબેશમાં ત્રણ વખત ખાસ સઘન ઝુંબેશના દિવસો નિયત કરવામાં આવ્યા છે.

● વાયબ્રન્ટ સમીટ-૨૦૧૭ને લઈ તંત્રની તૈયારીમાં ગતિ આવી છે.

● ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે આજે ગાંધીનગરમાં વકીલ મિત્ર મંડળના સેવા કેન્દ્ર, બાપુનગર યુવક મંડળના સેવા કેન્દ્ર સહિત વિસનગર સુધીના સેવા કેન્દ્રોની મુલાકાત લીધી હતી અને માઈભક્તો સાથે જય અંબેનો જયઘોષ કર્યો હતો.

● ૩જી સપ્ટે. થી ૧૦મી સપ્ટે. દરમ્યાન પોલીસે ૩૭૪ જેટલા દેશી દારૂના અડ્ડાઓ પર દરોડા પાડ્યા અને ૧૧૦૦ લીટરથી વધુ દારૂ કબ્જે લીધો હતો. આ ઝુંબેશ દરમ્યાન ૩૦થી વધુ આરોપીઓ ફરાર હોવાનું પણ જાણવા મળેલ છે.

● ગાંધીનગર શહેરમાંથી એક લાખ જેટલા પદયાત્રીઓ આજ સુધીમાં પસાર થઈ ચુક્યા છે.

● પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં દાગીના રૂપે આજે ૪૧ ગ્રામ ૭૬૦ મિ.ગ્રામ. સોનુ ભેટમાં મળ્યુ છે.

● માણસા તાલુકામાં શ્રમયોગીઓને અપાયેલા કાર્ડમાં ભારે ગોટાળાની ફરિયાદો ઉઠવા પામી છે.

● આજે શહેરના વિવિધ સ્થાનો પરથી ગણેશ ભગવાનના વિસર્જન કરવામાં આવતા વાતાવરણમાં સન્નાટો સવાઈ જવા પામ્યો છે.

# રાજનિતીમાં પરિવર્તન, પહેલાં થ્રી-ડી સભા : પેઈડ એન્ટ્રી અને હવે 'રોબોટ' મેદાનમાં હશે

ભારતની લોકશાહીને વરેલી રાજનિતીમાં છેલ્લા દસકામાં અનેક પરિવર્તન આવ્યા છે. ૨૦૦૭ અને ૨૦૧૨ની ચૂંટણીમાં મોદી માસ્ક પ્રચારકાર્યમાં લાગી ગયા હતા. એક જ જગ્યાએથી અનેક જગ્યાએ મોદી દેખાય તેવી થ્રી-ડી પ્રચાર ઝૂંબેશ જોવા મળી હતી. ગુગલ હેન્ગઆઉટથી પ્રચાર થયેલો છે. ૨૦૧૪ની ચૂંટણીમાં મોદીએ નવો પ્રયોગ કર્યો હતો. ભારતના રાજકીય ઈતિહાસમાં પ્રથમવાર મોદીની ચૂંટણી સભામાં પાંચ રૂપિયા અને દસ રૂપિયાની ટીકીટ રાખવામાં આવી હતી. આવું તો સુપરપાવર નેતા ઈન્દિરા ગાંધી અને અટલ બિહારી વાજપેયીની સભાઓમાં પણ જોવામાં આવ્યું નથી. હવે પાંચ રાજ્યોની ચૂંટણી આવી રહી છે ત્યારે રોબોટ ઓટોમેટીક મોડથી કોઈપણ નેતાનો અવાજ કાઢી શકશે. હાથ અને ચહેરાના હાવભાવ પણ બદલી શકશે. આવા રોબોર્ટ ખરીદવા પાર્ટીઓએ ઓર્ડર પણ આપી દીધા છે. દુનની આઈએએઆર ઈન્સ્ટીટ્યુટ ઓફ રોબોટિક્સ દ્વારા રોબોટ તૈયાર કરાયા છે અને તેની કિંમત બે લાખ રૂપિયા છે. યુગ બદલ રહા હે...

**● સરકારના વહીવટી તંત્રમાં 'જી પછી' છજી...**

ગુજરાતના વહીવટી તંત્રમાં ફેરબદલની રાહ જોઈને બેઠેલા ઓફિસરો હવે તૈયાર થઈ શકે છે. રૂપાણી સરકારે યાદી બનાવવાનું શરૂ કર્યું છે. મુખ્યપ્રધાન પહેલાં પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની બદલીના મૂડમાં છે, કારણ કે તે લીસ્ટ હાઈકમાન્ડે મંજૂરી કરી દીધું છે. રાજ્ય પોલીસ દળના આઈપીએસ ઓફિસરોની યાદીમાં હાલ તો ૩૦થી વધારે નામો ઉમેરાયા છે. બીજી તરફ જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરોની બદલીઓ વેઈટીંગમાં છે. એ ઉપરાંત સચિવાલયના વિભાગો અને બોર્ડ-કોર્પોરેશનમાં પણ અધિકારીઓની બદલીઓ તોળાઈ રહી છે. જો કે આ પ્રક્રિયા પૂર્વે બોર્ડ-કોર્પોરેશનમાં ચેરમેન તેમજ ડિરેક્ટરોની નિયુક્તિ કરવાનું હાઈમાન્ડનું દબાણ છે તેથી તે કામ પહેલાં થાય તેવું લાગે છે. હાલ તો ઓફિસરો બદલીના આદેશની રાહમાં છે.

**● દિલ્હીમાં યૂ-ટ્યુબ, ગાંધીનગરમાં વોટ્સઅપ...**

કેન્દ્રની મોદી સરકારમાં ઈ-ઓફિસ કર્યા પછી સરકારી કામકાજની જગ્યાએ યૂ-ટ્યુબ પર વિડીયો જોવાતા હોવાની ફરિયાદ છે પરંતુ ગાંધીનગરમાં તો સરકારી ઓફિસોમાં વોટ્સઅપ, ટ્વિટર અને ફેસબુક લોકપ્રિય બન્યા છે. એક સર્વે કહે છે કે સરકારી કામ કરતા કર્મચારી કે અધિકારીઓ તેમની નોકરીના આઠ કલાક પૈકી બે કલાક સોશ્યલ સાઈટ્સના અપડેટ્સમાં બગાડે છે. બિન સરકારી કામમાં રચ્યા પચ્યાં રહેતા ઓફિસરો કેન્દ્ર સરકાર માટે પડકારરૂપ બન્યા છે ત્યારે ગુજરાત સરકારમાં પણ આ એક પડકાર છે. ઓફિશિયલ કોમ્પ્યુટરમાં ભલે બાન કર્યો હોય, કર્મચારીઓ તેમના સ્માર્ટફોનમાં સોશ્યલ સાઈટ્સ જુએ છે. ઉત્તમ કામગીરી કરતું હોય તો ગાંધીનગરનું ટીસીએસ છે, જ્યાં તમામ કર્મચારીઓને નોકરીનો સમય શરૂ થાય ત્યારથી મોબાઈલ ફોન સિક્યોરિટીને જમા કરાવવો પડે છે, જ્યારે નોકરીનો સમય પૂર્ણ થાય ત્યારે તેમને તેમનો સ્માર્ટફોન પાછો મળે છે. કેન્દ્ર સરકારના એક અધિકારીએ એનડીએ સરકારને ફરિયાદ કરી છે કે ૩૦ ટકા ઓફિસોમાં સરકારી કામકાજ થાય છે પરંતુ ૭૦ ટકા ઓફિસોમાં યૂ-ટ્યુબ પર વિડીયો જોવામાં આવે છે તેથી ઈ-ફાઈલિંગની બેન્ડવીથ તેમા વપરાઈ જાય છે.

**● બ્લેકમની જાહેર કરો, નહીં તો કડક પગલાં...**

ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે કહ્યું છે કે બ્લેકમની રાખતા લોકો જલદીથી તેમની નહીં જાહેર કરેલી મિલકતોને જાહેર કરે, કારણ કે ઘરેલુ સ્થિતિમાં કાળાંનાણાંની જાણકારી આપવા માટે શરૂ કરવામાં આવેલી સ્કીમને બંધ કરી દેવામાં આવનાર છે. કેન્દ્ર સરકારે બ્લેકમની જાહેર કરવા માટે ઈન્કમ ડિક્લેરેશન સ્કીમ – આઈડીએસ શરૂ કરી હતી જે સ્કીમની અવધિ ૨૦ દિવસમાં જ ખતમ થઈ રહી છે. આ યોજના ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ બંધ થઈ રહી છે તેથી જે લોકોએ બેનામી સંપત્તિ જાહેર કરી નથી તેમણે જાહેર કરી દેવી જોઈએ. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે ઈન્ટરનેટ આધારિત ઈ-ફાઈલિંગ પોર્ટલના માધ્યમથી આવી સંપત્તિ જાહેર કરવાની વ્યવસ્થા શરૂ કરી છે અને તે સંપૂર્ણપણે ગુપ્ત રહેશે તેવું પણ જણાવ્યું છે. આ સ્કીમ પૂર્ણ થયા પછી જો કોઈની પાસે બેનામી સંપત્તિ હશે અને તે જાહેર કરવામાં નહીં આવી હોય તો ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ ૧લી ઓક્ટોબરથી પેનલ્ટી સહિતના કડક પગલાં ભરી શકે છે.

**● મોદી આદિવાસી જિલ્લામાં બર્થ-ડે ઉજવશે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આદિવાસી જિલ્લામાં બર્થ-ડે કેમ ઉજવવવામાં આવે છે તેવો સીધો પ્રશ્ન કરતાં ભાજપના એક નેતાએ કહ્યું હતું કે ગુજરાત ભાજપમાં પાટીદાર, દલિત ઉપરાંત આદિવાસી વોટબેન્કમાં ગાબડાં પડ્યા છે. પાટીદારોને તો રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સેટ કરી રહ્યાં છે, પરંતુ દલિતો અને આદિવાસીઓની જવાબદારી ખુદ મોદીએ ઉપાડી છે. ગુજરાતના ૧૧ જિલ્લાના આદિવાસી વિસ્તારોને મોદીનો જન્મદિન મનાવવાની તક મળે અને ભાજપની વોટબેન્ક પાછી આવી જાય તેવો ઈરાદો હોઈ શકે છે. ૧૭મી સપ્ટેમ્બરે મોદી ગુજરાતના પ્રવાસે છે. વડાપ્રધાન બન્યા પછીની મોદીની આ આઠમી ટ્રીપ છે. આ દિવસે તેઓ તેમના માતા હીરાબાને પણ મળવા ગાંધીનગર આવવાના છે. મોદીનો આ ૬૬મો જન્મદિન છે.

**● ડુંગળી- ક્યારેક રડાવે, ક્યારેક હસાવે...**

ભારતના ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળી ક્યારેક રડાવે છે અને ક્યારેક હસાવે છે. હોટલો માટે ડુંગળી એ સ્ટેટસ સિમ્બોલ બની ગયેલી છે. રાજકીય નેતાઓ માને છે કે ડુંગળીના કારણે દેશની ઈકોનોમી હાલક-ડોલક થાય છે. ગયા વર્ષે ૬૦ થી ૭૦ રૂપિયે કિલોના ભાવે મળતી ડુંગળી આજે જથ્થાબંધ બજારમાં બમ્પર પાક આવવાના કારણે ૫૦ પૈસે કિલો મળતી થઈ ગઈ છે. સામાન્ય જનતામાં ડુંગળીના ભાવવધારાના કારણે ભારે હોબાળો હતો. આ ડુંગળીના કારણે ભૂતકાળમાં ભાજપની ચાર સરકારો ગઈ છે. મધ્યપ્રદેશમાં ડુંગળીનો પાક એટલો બધો થયો છે કે ખેડૂતોને મંડી સુધી પહોંચાડવાનું મોંઘુ પડે છે તેથી તેઓ ડુંગળી તેમના પશુઓને ખવડાવી દે છે. પરિણામ એ આવ્યું કે ડેરીના દૂધમાં ફરિયાદો વધી ગઈ, ગ્રાહકોએ જ્યારે એમ કહ્યું કે દૂધમાં ડુંગળીની વાસ આવે છે, ત્યારે ડેરીના સત્તાધીશોએ તપાસ કરી તો જાણવા મળ્યું કે ખેડૂતો ભેંસ અને ગાયને ડુંગળી ખવડાવે છે.

**સરજી, તમારા દિલ્હીમાં યૂ-ટ્યુબ, અહીં ફેસબુક, વોટ્સઅપ જોવાય છે**
**ડુંગળીના રાજકારણને કોઈ સમજી શક્યું નથી તેથી ખેડૂતો રડી રહ્યાં છે**
**બ્લેકમની છે તો જાહેર કરી દો, ૧ ઓક્ટોબરથી મોદી સરકાર ત્રાટકશે**

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**● ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની દિશા...**

મુસ્લિમ સહિત અનેક ધર્મ અને સંપ્રદાયના લોકો વસતા હોવા છતાં ભારતને હિન્દુરાષ્ટ્ર બનાવવાની દિશા તરફ વિવિધ સરકારો પ્રયાસ કરી રહી છે. ભાજપની મોદી સરકાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એડન્ડા પર કામ કરી રહી હોવાના આક્ષેપો કોંગ્રેસ પાર્ટી તરફથી કરવામાં આવે છે ત્યારે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યપ્રધાનો હિન્દુત્વની ધરીને આગળ વધારી એજ્યુકેશન સિસ્ટમાં ફેરફારો કરી રહ્યાં છે. ખાસ કરીને મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચૌહાણ અને રાજસ્થાનના મુખ્યપ્રધાન વસુંધરા રાજેનું નામ આગળ આવે છે. વસુંધરાએ તો બાબા રામદેવને ખોબલે ખોબલે જમીન આપી દીધી છે. હવે વસુંધરા તંત્ર-મંત્ર એકેડેમી શરૂ કરવાની યોજના બનાવી રહ્યાં છે. તેઓ કહે છે કે ભારતમાં પ્રાચીનકાળથી લોકો તંત્ર, મંત્ર અને કાળા જાદુને સરખું માને છે. આવી માન્યતા લોકો સ્પષ્ટ સમજી શકે તે માટે આવી એકેડેમી શરૂ કરાશે. ભાજપમાં હિન્દુત્વની હોડ જામતી જાય છે.

**● 4G શરૂ થતાં સરકારની પર ની વાતો...**

રિલાયન્સ જિયોએ ફોર-જી નેટવર્ક શરૂ કરીને મોબાઈલ ક્રાન્તિ કરી છે. દુનિયા આખી દંગ રહી જાય તેવા સસ્તા પ્લાન રિલાયન્સે આપ્યા છે. દુનિયા કરલો મુઠ્ઠી મે.. ધીરૂભાઈ અંબાણીનું આ સૂત્ર હતું જેને મુકેશ અંબાણીએ સાકાર કહ્યું છે. કેન્દ્રના દૂરસંચાર સચિવ જે.એસ.દીપક કહે છે કે આપણે ઈન્ટરનેટ ઓફ થિંગ્સમાં પ્રવેશી ચૂક્યાં છીએ. હવે આશા રાખીએ કે આપણે બીજા દેશોની જેમ ફાઈવ-જીમાં સામેલ થઈએ. તેમણે કહ્યું કે ફાઈવ-જી ભારતમાં ઓછામાં ઓછા ૧૫ અરબ ડોલરનો વેપાર કરશે. હકીકત એ છે કે- ભારતમાં ટુ-જી ૨૫ વર્ષ પછી આવ્યું હતું અને ફોર-જી આવતાં પાંચ વર્ષ થયાં છે. ફાઈવ-જી ક્યારે આવશે તે નિશ્ચિત નથી. જો કે આ સેક્રેટરી માને છે કે ફાઈવ-જી આપણને દુનિયાની સાથે જ મળશે.

**● કરપ્શન ફ્રી સ્ટેટ માટે હજી ઘણું બાકી છે...**

ગુજરાત સરકારના વહીવટમાં ઘુસી ગયેલા લાંચના દૂષણને દૂર કરવા મુખ્યપ્રધાન વિજય રૂપાણી પ્રયત્નશીલ છે. તેમની આ સાચી દિશા છે પરંતુ હજી તેમણે વિભાગો ઉપરાંત જિલ્લાની સરકારી કચેરીઓમાં ધ્યાન આપવાની જરૂર છે તેવું મંતવ્ય આપતાં સચિવાલયના એક સિનિયર પ્રામાણિક ઓફિસરે કહ્યું હતું કે સરપ્રાઈઝ ચેકિંગ માટે મુખ્યપ્રધાને તેમની મિનિસ્ટ્રીના પાંચ સભ્યોની ટીમ બનાવવી જોઈએ અને તેઓ ઓચિંતા દરોડા પાડવાનું શરૂ કરશે તો ભ્રષ્ટાચારને નિયંત્રણમાં રાખી શકાશે. ભાજપની ૧૯૯૫ની કેશુભાઈ પટેલની સરકારમાં સવજી કોરાટ, હરેન પંડ્યા, નલિન ભટ્ટ અને અશોક ભટ્ટ તેમના વિભાગોનું સરપ્રાઈઝ ચેકીંગ કરતા હતા ત્યારે ઓફિસરો અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ ચૂક્યો હતો. એસીબી જે કામ કરે છે તે કામ મિનિસ્ટ્રીની ટીમ પણ કરી શકે છે. છૂપા વેશમાં બાતમીદારોને મોકલીને જે તે પ્રધાન આવા કરપ્ટ લોકોને રંગેહાથ પકડે તે જરૂરી છે. સચિવાલય અને જિલ્લાની ઓફિસોમાં ફરિયાદ પેટી કે વોટ્સઅપ મેસેજ સિસ્ટમ શરૂ કરવાની આવશ્યકતા છે.